...ાર્થ નિતી વચન."

લખનાર

...સ્થ માવજી હરીદાસ ચાડ.

છપાવી પ્રસીદ્ધ કરનાર

દામોદર માવજી ચાડ.

પ્રત ૧૦૦૦.

(સર્વ હક્ક સ્વાધીન.)

મુંબઈ.

...૯૩   ૧૯૬૭

કીમત આનો એક.

પોસ્ટેજ જુદું.

ધી ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં મા૦ જી૦ તલકીયાએ
છાપ્યું છે. નં૦ ૧, પારસી બજાર સ્ટ્રીટ,
કોટ-મુંબઇ.

છપાવી પ્રસિદ્ધ કરનાર દામોદર માવજી ચાડ.
ઠેકાણું રતનશી મુળજી સેનેટરીયમ, હોલી ચકલા,
ચોથે માળે-કોટ-મુંબઇ.

अर्पण पत्रिका.

પ્રિય મિત્ર,

હરીદાસ જીવણદાસ સંપટ-સાહેબ, આપને
સાહિત્યનો અતિ શોખ હોવાને લીધે
આપ સર્વેને તે માટે આશ્રય
આપો છો. માટે આ
પુસ્તક આપને
અર્પણ
કરૂં
છું.

લી૦ સેવક,

દામોદર.

દોહરો.

નિતી વચન તમને કહું,
સાંભલજો ધરિ ભાવ;
સારી ચાલે ચાલિને,
લેજો સુભયશ લાવ.

દોહરો.

આર્ય તણું કરજો સદા,
રૂડું શ્રી ભગવાન;
હું માગું છું એટલું,
સદા કરો ગુણવાન.

"આર્ય નિતી વચન."

દોહરો.

વાંચો બોધ આ સૌ જનો,
ધરી અંતરમાં ખાસ,

ઉત્તમ પદવી પામશો,
નિશ્ચે રાખો આશ.

આ જગતમાં જન્મ ધરીને નામના મેળવવી હોય કે વિખ્યાતિ પામવી હોય તો નીચે લખેલાં બાવન લક્ષણો પાળો.

૧ બોલવામાં સભ્ય થાઓ.

૨ હમેશાં સાચુંજ બોલો.

૩ પોશાક સાદો ને સ્વચ્છ રાખો.

૪ ઘર સાફ રાખો.

૫ દરેક ચીજ રાખવા જગા નીમો.

૬ શરીર સાફ રાખો.

૭ નિયમિત વખતે કામ કરો.

૮ પોતાની ટેક પોતાને કબજે રાખો.

૯ સર્વ સાથે હેત મીઠાશ રાખો.

૧૦ દુખી માણસોને મદદ કરો.

૧૧ મોહોટા માણસની અદબ રાખો.

૧૨ અહંકારનો ત્યાગ કરો.

૧૩ ઉદ્યોગી થાઓ.

૧૪ આળસને તજો.

૧૫ કેફી વસ્તુઓથી દુર રહો.

૧૬ ચોરીથી અળગા રહો.

૧૭ જુગારી થાઓ નહીં.

૧૮ વ્યભીચારી બનો નહીં.

૧૯ પર ઉપકાર સદા કરો.

૨૦ ઉધ્ધઉપણું રાખો નહીં.

૨૧ અતીસે લોભી બનો નહીં.

૨૨ ક્રોધ કદી કરો નહીં.

૨૩ સર્વ સાથે સંપ રાખો.

૨૪ કુટુંબમાં સ્નેહ વધારો.

૨૫ નિજ ભાર્યામાં પ્રીતી ધરો.

૨૬ પરનારીથી દુર રહો.

૨૭ શાસ્ત્રોનો અભ્યયન કરો.

૨૮ એક ઇશ્વરને ઓળખો.

૨૯ દેશાભીમાન રાખો.

૩૦ દેશાટન કરો.

૩૧ સર્વે હુનર શીખો.

૩૨ હીંમતથી કાર્ય કરો.

૩૩ હીચકારા બનો નહીં.

૩૪ ઇર્ષાનો ત્યાગ કરો.

૩૫ નિંદા કોઇની કરો નહીં.

૩૬ વિવેકી બનો.

૩૭ સાલસાઇ રાખો.

૩૮ ડહાપણથી કામ કરો.

૩૯ ચતુરાઇ શીખો.

૪૦ કરજ કરો નહીં.

૪૧ ભુગોળ ખગોળ શીખો.

૪૨ હોડ કે શરત રમો નહીં.

૪૩ ફુલણજી થાઓ નહીં.

૪૪ બડબડાટ બંધ રાખો.

૪૫ જુઠું બોલવું જ નહીં.

૪૬ ક્ષમાવાન થાઓ.

૪૭ સંતોશ સદા રાખો.

૪૮ ધૈર્યવાન બનો.

૪૯ દયા રાખતાં શીખો.

૫૦ ધર્માચરણી થાઓ.

૫૧ કુસંગતથી દુર રહો.

૫૨ હરેક કાર્ય ઉમંગથી કરો.

ઉપર લખી બાવન શીખામણો સર્વને મનન કરવા જેવી છે. માટે સર્વ કોઇએ પોતાના હૃદયમાં એ બરાબર ગોખી રાખવી જેથી કોઇ દુષણ પ્રાપ્ત નહી થાય તેમાં પણ સંપ રાખવાથી ઘણા ફાયદા છે.

કવાલી.

પરનારી નરકની બારી,
કરો નહિ **પ્રાણથી પ્યારી.**

ખરેખર વિષથી ખારી,
નરકનું સુખ દેનારી.

કરે જે સંગ પરનારી,
થશે બદનામ તે ભારી.
ગયા **રાવણ** જેવા ભારી,
કરો નહિ સંગ પરનારી.
તમારા દ્રવ્યની હાની,
તમારા બળની હાની.
તમારા જીવની હાની,
તમારી લાજની હાની.
નથી પર સ્ત્રી સગી કોની,
નથી થાનાર પણ કોની.
કહે હરીદાશ તું જોની,
નથી પરનાર રે કોની.

સંપટ.

આ ચોપડી નીચેના ઠેકા

દામોદર માવજી ચ

રતનશી મુલજી સેનેટેરાયમ

ચોથે માળેઃ-કોટ, હોલીચકલા

અને

બુકસેલરઃ—

વશનજી પરમાનંદ ચાહેવા

કાલબાદેવી રોડ-મુંબઈ.